જા. નં. 42/IQAC/2022-23 તા. 13/02/2023

તા.28/12/2022ના રોજ બપોરે 4-00 કલાકે ગૂજરાત વિદ્યાપીઠ આંતરિક ગુણવત્તા બાહેધરી એકમ (IQAC)ની બેઠક પરિસંવાદ ખંડ, મહાદેવ દેસાઇ સંકુલમાં કુલનાયકશ્રી પ્રો. રાજેન્દ્ર ખીમાણીના અધ્યક્ષ સ્થાને મળી હતી જેમાં નીચે મુજબના સભ્યો હાજર રહ્યા હતા.

1. પ્રો. રાજેન્દ્ર ખીમાણી કુલનાયકશ્રી

2. પ્રો. નિખિલ ભટ્ટ, 3. પ્રો નિમિષા શુક્લા, 4. પ્રો. ભરત જોશી, 5.પ્રો. ધ્વનિલ પારેખ, 6. પ્રો. દુગ્ગીરાલા શ્રીનિવાસ મૂર્તિ, 7. પ્રો. નિરજ સિલાવટ, 8 કૌશિક પટેલ, 9. રાજુભાઇ ઠાકોર અને પ્રો. પુનિતા હર્ણે ઓનલાઇન હાજર રહ્યા હતા. પ્રો.અમિષા શાહ, શ્રી હેમુભાઇ જાંબુકિયા, પદમીનભાઇ અને અપૂર્વભાઇ હાજર રહી નહીં શકે તેની જાણ મેઇલ દ્વારા કરેલ હોઈ ને તેમને ગેરહાજર રહેવાની મંજૂરી આપવામાં આવી હતી.

સભામાં નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી

કાર્ય 1 તા.22/07/2022ના રોજ મળેલ બેઠકના અહેવાલને બહાલી આપવા બાબત.

ઠરાવ 1 તા.27/07/2022ના રોજ મળેલ બેઠકને ચર્ચાને અંતે બહાલી આપવામાં આવી, જે નીચે મુજબ છે.

અમલીકરણની નોંધ હવે પછી બેઠકની કાર્યવાહીની સાથે રાખવાનું ઠરાવવામાં આવ્યું છે..

કાર્યનોંધના કાર્ય-2 ના મુદ્દા નંબર 1 અને 2 નીચે પ્રમાણે છે. તેની કાર્યવાહી કરવાની રહે છે.

1. આદરણીય કુલનાયકશ્રીના માર્ગદર્શન હેઠળ એથિકલ રિસર્ચ કમીટીની પુનઃરચના કરી બેઠકનું આયોજન કરાશે.
2. ફિલોસોફી ઓફ રિસર્ચ અંગે વિવિધ વિદ્યાશાખાઓના ડીન સાથે બેઠક કરીને વ્યાખ્યાનમાળા કરવાનું ઠરાવવામાં આવ્યું.

કાર્ય 2 કારકિર્દી બઢતી યોજના હેઠળ આવેલી અરજીઓની ચકાસણી કરી નિર્ણય કરવા બાબત.

ઠરાવ 2 કારકિર્દી બઢતી યોજના હેઠળ કુલ 7 અરજીઓની ચકાસણી કરી.

| ક્રમ | નામ | મળવાપાત્ર બઢતીની તારીખ | યુ.જી.સી અધિનિયમ | વિભાગ-2માં મેળવેલ કુલ ગુણ | વિભાગ-3માં મેળવેલ કુલ ગુણ | IQAC દ્વારા માન્ય તારીખ | બિડાણ |
|---|---|---|---|---|---|---|---|
| 7000 થી 8000 લેવલ 12માંથી લેવલ-13 A | | | | | | | |
| 1 | રંજનબેન મકવાણા | 16/07/2020 | 2018 | - | - | 16/07/2020 | 1 |
| Level 11 માંથી Level 12 માં બઢતી | | | | | | | |
| 2 | અરવિંદ ચુનીલાલ રામી | 01/08/2021 | 2018 | - | 142 | 01/08/2021 | 2 |
| 3 | ડૉ. રવીન્દ્રભાઇ રા. પંચોલી | 01/08/2021 | 2018 | - | 146 | 01/08/2021 | 3 |
| 4 | વિક્રમસિંહ અમરાવત | 16/06/2019 | 2018 | - | 167 | 16/06/2019 | 4 |
| Level 10 માંથી Level 11 માં બઢતી | | | | | | | |
| 5 | ડૉ. નશેમન આફતાબ બંદૂકવાલા | 02/07/2022 | 2018 | | 137.5 | 02/07/2022 | 6 |
| Level 12 માંથી Level 13 A માં બઢતી | | | | | | | |
| 6 | ડૉ.સતીષકુમાર પરસોત્તમદાસ પટેલ | 16/06/2022 | 2018 | - | 236.5 | 16/06/2022 | 7 |
| 7 | ડૉ.ગેલજીભાઇ લ. ભાટિયા | 24/02/2017 | 2016 | 135 | 92 | 24/02/2017 | 8 |

કાર્ય 3 IQACના આંતરિક સભ્યોને કાર્ય ફાળવણી બાબત.

ઠરાવ 3 IQACના આંતરિક સભ્યોને નીચે મુજબની કાર્ય ફાળવણી ઠરાવવામાં આવી છે.

1. કાર્યશિબિર અને અન્ય વિભાગો સાથે સંયુક્ત પરિસંવાદો/ તાલીમશાળાઓના આયોજનની કામગીરી પ્રો. ધ્વનિલભાઇ પારેખે કરવી એમ ઠરાવવામાં આવ્યું.
2. ગૂજરાત વિદ્યાપીઠની વિવિધ સંસ્થાઓ સાથે દ્વિમાસિક કાર્યક્રમનું આયોજનની કામગીરી પ્રો. નીરજભાઇ શિલાવટને સોંપવાનું ઠરાવવામાં આવ્યું.
3. કારકિર્દી બઢતી યોજના (CAS) હેઠળ આવેલ અરજીપત્રકોની ચકાસણીના કાર્યનું સંકલન કરવાની કામગીરી નિમિષા શુક્લ/અમીષા શાહને સોંપવાનું ઠરાવવામાં આવ્યું.
4. શ્રી સની થોમસ સાથે IQACની વેબસાઇટની જાળવણીની કામગીરી પ્રો. ભરતભાઇ જોશીએ કરવાની ઠરાવવામાં આવ્યું.
5. સત્રાંતે વિદ્યાર્થીઓના પ્રતિભાવોના સંકલનની કામગીરી પ્રો. પુનિતાબેન હર્ણે કરશે. એમ ઠરાવવામાં આવ્યુ.

6. અધ્યાપકોની વ્યક્તિગત વાર્ષિક કામગીરી માટેની લિંક મોકલીને માહિતી એકત્રિત કરવાની કામગીરી IQAC વિભાગે કરવાની રહેશે એમ ઠરાવવામાં આવ્યું.

7. AQAR યોગ્ય સમયે ભરાઇને સબમીટ થાય તેની જવાબદારી શ્રી કૌશિકભાઇ પટેલને સોંપવાની ઠરાવવામાં આવ્યું.

8. બાહ્ય તજજ્ઞોના માર્ગદર્શન અને સૂચનો અનુસાર આગામી આયોજન કરવું.

ઠરાવ 4 IQACના આધુનિકરણની માહિતી એકત્રિત કરીને આયોજન કરવાની કામગીરી ધ્વનિલભાઇને સોંપવામાં આવી. આ માટે સૂચનો મેળવીને ઓછામાં ઓછા 2 મહિનામાં કાર્યક્રમો કરવા

જેમાં કેરીક્યુલમ વિષયક ફિડબેક કરવો આ અંગેની કામગીરી કૌશિકભાઇ પટેલને સોંપવામાં આવી ઉપરોક્ત બાબતે શ્રી અજયભાઇ પાસેથી સોફ્ટવેર મેળવીને અમલ કરવાનુ ઠરાવવામાં આવ્યું.

કાર્ય 5 પ્રમુખસ્થાનેથી રજૂ થાય તે

1. CAS માટે અધ્યાપકે પોતાની અરજી તેમનો નિર્ધારિત સમય પૂરો થયે 1 વર્ષમાં કરવી. આ અંગે ડો. ધ્વનિલ પારેખ યુજીસીના નિયમો તેમજ અન્ય યુનિવર્સિટીઓ કઈ રીતે કાર્યવાહી કરે છે તેની તપાસ કરીને IQACને નોંધ આપશે.

2. હાજરી અને ફીડબેક, વર્ગખંડનું મૂલ્યાંકન વિદ્યાર્થી કરી શકે તેવું સોફ્ટવેર કમ્પ્યૂટર વિભાગીય અધ્યક્ષે તૈયારકરેલ છે.તેની દરેક વિભાગને જાણ કરીને પ્રયોગિક ધોરણે 1-1 વર્ષના વિદ્યાર્થીઓ માટે અમલમાં મૂકવું

3. વિદ્યાર્થીઓની હાજરી અંગે ધારાધોરણ નક્કી કરવા માટે ડો. ભરતભાઇ જોશી અન્ય યુનિવર્સિટીઓનો અભ્યાસ કરીને એક માળખું તૈયાર કરશે. જેમાં વિદ્યાર્થીની 80 ટકા હાજરી હોય ત્યારે કયા પ્રકારની ગેરહાજરીને કેટલા ટકા સુધી માન્ય ગણવી તે સૂચવશે. દા.ત.રમત-ગમતમાં ભાગ લેનાર વિદ્યાર્થીની કુલ હાજરીના 10 ટકા કે 20 ટકા હાજરી ગણી શકાય તેના માપદંડ નક્કી કરવા માટે બોર્ડ ઓફ મેનેજમેન્ટની આગામી બેઠકમાં મૂકીને નિર્ણય કરવાનું ઠરાવવામાં આવ્યું.

પ્રમુખશ્રીની મંજૂરીથી સૌનો આભાર માની સભાનું કામકાજ પૂર્ણ જાહેર કરવામાં આવ્યું.

(નિમિષા શુક્લ)
સંયોજક

(નિખિલ ભટ્ટ)
કા. કુલસચિવ